## ગાંધીનગર મને ગમે છે...



- શિવશંકર દવે

ગાંધીનગર બધી જ રીતે સુંદર નગર છે.

મૂળરાજ સોલંકીનું ગુજરાત સુવર્ણકાળ છે. ગુર્જર ભૂમિનું પાટનગર વખતનું પાટણ ગુજરાત રાજ્યનું પાટનગર ‘પાટણ’નો વૈભવ એટલો વધ્યો કે ગુજરાતમાં લોકો આવીને વસ્યા.

આઝાદી પછી ગુજરાત ‘‘દ્વિભાષી મુંબઈ’’ રાજ્યમાં આવ્યું અને રાજધાની મુંબઈ બની. ભાષા ભાર પ્રાન્તની રચના થતાં ગુજરાત અલગ થયું. સ્વ. ઈન્દુચાચા અને તેમની વિચારધારાના ગુજરાતના આગેવાનોની સતત લડાઈને કારણે ગુજરાત દ્વિભાષા મુંબઈથી અલગ પડ્યું. તે સમયે પણ ગુજરાતમાં બલિદાન લેવાયાં છે. ગુજરાતના લોકોની મહેનત સફળ થઈ ગુજરાત બન્યું. પાટનગર અમદાવાદ રહ્યું.

ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી સ્વ. ડૉ. જીવરાજ મહેતા તેમના સાથીદારો વિજય શંકર ત્રિવેદી-પાટણ અને અગ્રણીઓ અમદાવાદને બદલે નજીકમાં જ પ્રકૃતિની ગોદમાં વસેલી ધરતી ઉપર ‘ગાંધીનગર’ને પાટનગર બનાવવા સતત પ્રયત્નો કર્યા અને હાલનું ગુજરાતનું પાટનગર સાબરમતીને તીરે પ્રકૃતિની ગોદમાં આવીને વસ્યુ. નામ પણ ગુજરાતના ‘મહાત્મા ગાંધીજી’ની યાદમાં ગાંધીનગર રખાયું. પણ ઈન્દુચાચા અને તેમના સાથીદારોને ભુલાય તેમ નથી. વંદન છે તેમને.

પાટનગર બનતાં જ અમદાવાદથી કચેરીઓ ગાંધીનગર ખસેડાઈ. કર્મચારીઓ પણ ગાંધીનગરમાં બનેલી વસાહતમાં રહેવા આવ્યા. ત્યારે ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારનું ‘ગામડુ’ હતુ. સાબરમતીનો કિનારો, કેરી ફળના આંબાઓ અને અન્ય વૃક્ષો ચારે બાજુ ઉંચી માટીની ભેખડો.

મને સેક્ટર-૨૨માં સરકારી વસાહતનું મકાન મળ્યું. ધર્મના સાચા આચાર્ય સંત દેવેન્દ્ર વિજયજીએ શાસ્ત્રોમાં, ગ્રંથોમાં વર્ણવ્યા મુજબ મુખ્ય પાંચ દેવો વિષ્ણુ, શિવ, પાર્વતી, ગણેશજી, લક્ષ્મીજી અને સૂર્યનારાયણ-પાંચ દેવોનું મંદિર બંધાવી આદેશ આપ્યો કે આ દેવોની પૂજા કરજો. હિન્દુ ધર્મમાં તેત્રીસ કરોડ દેવો છે, અલગ અલગ પૂજશો તે તમારો આરો નહીં આવે. પંચદેવ મંદિર મારા મકાનથી ઘણું જ નજીક જેથી સવાર-સાંજ મંદિરનો, સંતો, દેવેન્દ્ર વિજયજી, સ્વાધ્યાય પરિવારનો લાભ મળતો.

અત્યારે તો તેત્રીસ કરોડ દેવો પછી શિકોતર માતા અને બીજા ઘણા દેવ-દેવીઓ બનાવી લોકો સત્યનો માર્ગ ભૂલી તાત્કાલિક સુખી થવા દોડે છે. ધંધો કરનાર મહંત અને પ્રજા બન્ને છેતરાઈ છે. પંચદેવની પૂજા એ જ સાચો માર્ગ, સંતે બનાવેલા લોકો ગાંધીનગરના અને આજુબાજુના ગામોમાં ભૂલી ગયા છે. ધર્મ તો ધંધો વેપાર, હાટડીઓ બંધાઈ રહી છે. સેક્ટરે સેક્ટરે અલગ અલગ મંદિર છે. ઘર આગળ નાની દેરીઓ પણ છે. મને રહેણાંક માટે જમીન સેક્ટર-૮માં ઈન્દ્રોડા નજીક જમીન મળી. ૮૧ ચો.મી. સચિવથી પટાવાળા બધાને ૮૧ ચો.મી. જમીન જ સરકારે આપી. નિયમ મુજબ સમયમાં બાંધકામ કર્યુ. એટલે ૮૧ મીટર બાકી જેમણે બાંધ્યુ નહી તેમને પગાર અને હોદ્દા પ્રમાણે વધુ જમીનનો પ્લોટ મળ્યો. ઠીક છે તેનુ નસીબ. આમ બધીજ રીતે સગવડ ભરેલું ગાંધીનગર મને ખૂબ ગમી ગયું છે. વાંચન લેખન, સંસ્થાઓ, વિદ્વાન અભ્યાસુઓનો સંગ મળ્યો. સેક્ટર-૨૩માં પંચદેવ મંદિર તો સેક્ટર-૮માં પણ ગાંધીનગરનું અગ્રણી સેક્ટર. ગાંધીનગર સમાચાર કાર્યાલય નજીક. જેથી લેખનનો લાભ મળ્યો. ૧૯૯૫થી નિવૃત્ત થયો. પ્રવૃત્તિ લેખન, વાંચન. આ રીતે ૧૯૯૫ પછી ગાંધીનગર સમાચારમાં ૧૦ વર્ષ સુધી અમીવર્ષા કોલમ લખી. ૧૦ એક પુસ્તકો પ્રિન્ટ થયા. ૮૫ વર્ષની ઉંમર ચાલુ છે. છોકરાઓ અભ્યાસ કરી નોકરીમાં લાગ્યા. નિવૃત્ત થયા, પરમાત્માની કૃપા હોવાથી ગાંધીનગર રહેવાનુ અને એવુ સ્વ. વિદ્વાન ડાહારામ કહેતા.

# શહેરમાં ઉનાળાની રાત્રે માર્ગો પર ચહલપહલ

### અસહ્ય ગરમીથી રાહતનો અનુભવ મેળવવા માટે રાત્રી દરમિયાન મોડે સુધી માર્ગો ઉપર શહેરીજનોની અવરજવર જોવા મળી રહી છે

ગાંધીનગર, તા. ૨૯

શહેરમાં કાળઝાળ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. શહેરીજનોને સવારે ૧૦ વાગ્યાથી જ ગરમીમાં સેકાવવાનો વારો આવ્યો છે. શહેરનું ગરમીનું તાપમાન ૪૪ ડીગ્રીએ પહોંચી ગયું છે. આવો ઉનાળાનો તાપ શહેરીજનો માટે ખૂબ કપરી પરિસ્થિતિ ગણી શકાય. તેવામાં સાંજ પડતા ધીમે ધીમે ગરમીથી રાહત મળતી હોવાથી રાત્રિ દરમિયાન શહેરીજનો ઘરની બહાર નીકળી રહ્યા છે. શહેરની ઠંડી આબોહવાનો લ્હાવો રાત્રી દરમિયાન અનુભવાતો હોવાથી શહેરીજનો રાત્રે ઘરની બહાર નીકળી રહ્યા છે. શહેરની ઠંડી આબોહવાનો લ્હાવો રાત્રી દરમિયાન અનુભવાતો હોવાથી શહેરીજનો રાત્રે ઘરની બહાર નીકળીને વિવિધ સ્થળો ઉપર બેસવાનું પસંદ કરી રહ્યા છે. તેથી મોડી રાત સુધી શહેરના માર્ગો પર શહેરીજનોની અવરજવર જોવા મળી રહી છે. રાત્રી દરમિયાન વાતાવરણમાં ઠંડક મળતી હોવાથી શહેરીજનો રાત્રે મોડે સુધી શહેરના બાગ-બગીચાઓ, કાફે, કીટલીઓ, બરફગોળાની લારીઓ, આઈસક્રીમની દુકાનોમાં જોવા મળી રહ્યા છે. ઠંડી ચીજવસ્તુઓનો આનંદ માણવાનું પસંદ કરી રહ્યા છે. વધુમાં શાળાઓમાં વેકેશનનો માહોલ થવાથી શહેરમાં બાળકોને લઈને નીકળતા પરિવારોની ચહલપહલ વધારે જોવા મળી રહી છે. ઘ-૫ ચોપાટી વિસ્તારની સામે ક્રાફ્ટ બજાર ખુલ્યુ હોવાથી ત્યાં નાના બાળકોની રાઈડની વ્યવસ્થા



હોવાથી રાત્રે ભીડનો માહોલ જોવા મળી રહ્યો છે. ઉનાળાની ગરમી આ વર્ષે વધારે પડતી અનુભવાતી હોવાથી શહેરીજનો દિવસે કામ વગર બહાર નીકળવાનુ ટાળી રહ્યા છે. અને રાત્રે મોડે સુધી મિત્રો અને પરિવાર સાથે બેસીને વિવિધ ગેમ રમતા જોવા મળી રહ્યા છે.

ગાંધીનગરમાં દરેક ઋતુઓનું આગવું મહત્વ રહેલું છે. શિયાળામાં અસહ્ય ઠંડીનો અનુભવ થાય, ગરમીમાં કાળઝાળ ગરમીનો અનુભવ, વરસાદમાં પણ ઠેર ઠેર પાણી ભરાઈ જાય આમ દરેક ઋતુનો અનુભવ શહેરીજનો મન ભરીને માણતા જોવા મળે છે. સતત બે વર્ષ કોરોના મહામારીની અસરથી ઉનાળાના રજાના દિવસોની મજા માણવાનું શહેરીજનો ચૂકી ગયા હતા. કોરોનાના કેસ વધુ હોવાથી બે વર્ષમાં ઉનાળો આવ્યો અને ક્યારે ગયો તેવી પરિસ્થિતિ થઈ ગઈ હતી. જ્યારે આ વર્ષે શહેરીજનો ઉનાળાની શરૂઆતથી ઉનાળાની મોસમને માણવા માટે રાત્રે શહેરમાં જોવા મળી રહ્યા છે. ઠેર ઠેર શેરડીના કોલા અને બરફના ગોળાની મિજબાનીઓ માણતા ગાંધીનગરાઓ ઉનાળાની ગરમીથી રાહત મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે અને ઉનાળાની સિઝનની દરેક ખાણીપીણીનો સ્વાદ માણતા શહેરીજનો જોવા મળી રહ્યા છે.

# આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાનને ન્યાય મળવો જરૂરી : સંજય પ્રસાદ

### ગાંધીનગરમાં "આઝાદીના આંદોલનમાં ગુજરાતના આદિવાસી સ્વાતંત્ર્યસેનાનીઓનું યોગદાન" વિષયે યોજાયેલા સેમિનારમાં મુખ્ય ચુંટણી કમિશનર સહિત આદિવાસી ઈતિહાસ સંશોધનકારો ઉપસ્થિત રહ્યાં

ગાંધીનગર, તા.૨૯

"આઝાદીના આંદોલનમાં આદિવાસી સ્વાતંત્ર સેનાનીઓનો ઈતિહાસ ખૂબ જૂનો છે. ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યાં



તે પહેલા વર્ષ ૧૯૦૩થી જ આદિવાસી સંમેલનોની શરૂઆત થઈ ચૂકી હતી. જોકે દેશના ઈતિહાસકારોએ સ્વાતંત્ર્ય ચળવળના આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓને માત્ર અનુયાયીઓ જ ગણ્યાં જેના કારણે ઈતિહાસમાં મોટાભાગના આદિવાસી ચળવળકારોને કોરાણે છોડી દેવાયાં અને જેને સામેલ કરાયા છે તેમને પણ યોગ્ય ન્યાય મળ્યો નથી." આઝાદીના અમૃત મહોત્સવના સંદર્ભે ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી તથા અખિલ ગુજરાત કોલેજ અને યુનિવર્સિટી આદિવાસી અધ્યાપક મંડળ દ્વારા સેક્ટર-૧૭માં ચ-૫ સર્કલ પાસેની સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે આજે "આઝાદીના આંદોલનમાં ગુજરાતના આદિવાસી સ્વાતંત્ર્યસેનાનીઓનું યોગદાન" વિષયે યોજાયેલા એક દિવસીય સેમિનારમાં ઉદ્ઘાટન સમારંભના પ્રમુખ પદેથી બોલતાં મુખ્ય મહેમાન રાજ્યના મુખ્ય ચુંટણી કમિશનર સંજય પ્રસાદે આ શબ્દો કહ્યાં હતા. આ સાથે અતિથિ વિશેષ પદે ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ વનરાજ પારગી ઉપરાંત ગુજરાત યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડૉ.અરૂણ વાઘેલા અને સુરતની ઝેડ વાડિયા વિમેન્સ કોલેજના ઈતિહાસના એસોસિયેટ પ્રોફેસર સી.સી.ચૌધરી, આદિવાસી સંશોધનકાર અનિલ ડામોર અને વકત્વ્યો આપ્યાં હતા. આ સાથે સંજય પ્રસાદે વંચિતોના ઈતિહાસને ઉજાગર કરવાની મહત્વની જરૂરિયાત હોવાનું જણાવ્યું હતું. અનિલ ડામોરે આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓ ’નાયક’ કહીને સન્માન્યા પરંતુ તેને નામની પાછળ લખવાને કારણે તેનું મહત્વ ઘટ્યું હોવાનો બળાપો વ્યક્ત કર્યો હતો. સી.સી.ચૌધરીએ કહ્યું હતું કે "ધકેલાયેલા આદિવાસી સ્વાતંત્ર સેનાનીઓના યોગદાનને ન્યાય આપો તે આપણી સૌની ફરજ છે". ડૉ.અરૂણ વાઘેલાએ અંગ્રેજોને સૌથી પહેલા આદિવાસીઓએ સ્વીકાર્યા નહોતા તેવો દાવો કર્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત વનરાજ પારગીએ જણાવ્યું હતું કે "આદિવાસીઓના પ્રશ્નો એના એ જ છે માત્ર શાસકો જ બદલાયા છે." કાર્યક્રમની શરૂઆત પ્રકૃતિ પ્રાર્થના સાથે કરીને કોરોના કાળમાં મૃત્યુ પામેલા દિવંગત આદિવાસી બંધુઓને મૌન પાળીને કરીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે આદિવાસી રીચર્સ ઈન્સ્ટિટ્યૂટ ગુજરાતના પ્રમુખ ડૉ.જે.સી.પટેલ, મંત્રી પ્રો.વિનુભાઈ ચૌધરી સહિત અનેક આદિવાસી પ્રોફેસરો અને મોટી સંખ્યામાં આદિવાસી વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતા. કાર્યક્રમનું સંચાલન ટીઆરટી ડાયરેક્ટર ડૉ. દેવચંદ વહોનિયાએ કર્યું હતું. કાર્યક્રમમાં આદિવાસીઓના ઈતિહાસને ઉજાગર કરતા પુસ્તકનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

# છેતરપિંડીના ગુન્હામાં આરોપીને બે વર્ષની કેદ ભોગવવા કોર્ટનો આદેશ

ગાંધીનગર તા ૨૯

સચિવાલયમાં ગાડી ભાડે રાખવાનો કોન્ટ્રાકટ અપાવાની લાલચ આપી છેતરપિંડી આચરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને બે વર્ષની કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર ફરિયાદી રસિકભાઇ કરશનભાઈ કોદાવાલા આરોપી ચેતન ચન્દ્રકાન્ત ઘાટેને સે-૨૧ માં મળ્યા હતા આ દરમિયાન આરોપીએ તેમને જણાંવ્યુ હતુ કે તેના સસરા સચિવાલયમાં નોકરી કરતા હોવાથી સચિવાલયમાં ગાડી ભાડે આપવાનો કોન્ટ્રાકટ મળ્યો હોવાનુ જણાંવ્યુ હતુ તેમજ રસિકભાઈની ગાડીના પણ મહીને રૂ ૨૩ હજાર ભાડુ મળશે તેમ જણાંવી તેમની સાથે આ મામલે એમ ઓ યુ કર્યુ હતુ. જયારે આ જ મુજબ અન્યને પણ કોન્ટ્રાકટ આપવાની લાલચ આપી ડાઉનપેમેન્ટ ચુકવવાનુ કહી છેતરપીંડી આચરી હતી.

જયારે એમ ઓ યુ ની શરતો મુજબ કોઈપણને રકમ પણ પરત કરી ન હતી. આ અંગે સે-૨૧ પોલીસ મથકે ગુન્હો નોંધાયો હતો. આ કેસ સંદર્ભે ગાંધીનગરની પાંચમાં એડીશ્નલ ચીફ જયુ મેજી કોર્ટમાં કેસ ચાલી જતા ફરિયાદ પક્ષ તરફેના સરકારી વકીલ તરીકે યોગેશ વી વ્યાસે દલીલો કરી હતી જયારે આ કેસમાં સાહેદોની જુબાની તેમજ દસ્તાવેજી પુરાવા આધારે જજ પી એલ દાસો આરોપીને છેતરપિંડીના ગુન્હામાં બે વર્ષની સાદી કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.

# સિનિયર ક્લાર્ક વર્ગ-૩ની કોમ્પ્યુટરની પરીક્ષા રદ કરાતાં પાસ ઉમેદવારોમાં ઉગ્ર રોષ

### ગાંધીનગરમાં ગૌણ સેવા પસંદગી મંડળની કચેરીએ પાસ ઉમેદવારોએ એકઠાં થઈને વિરોધ નોંધાવ્યો



ગાંધીનગર, તા.૨૯

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની વર્ગ-૩ની પરીક્ષા રદ કરવામાં આવી છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સિનિયર ક્લાર્ક વર્ગ-૩ની કોમ્પ્યુટર સીપીટીની પરીક્ષા માર્ચ મહિનામાં લેવાઈ હતી જેમાં ટેકનીકલ ખામી સર્જાતા પરીક્ષા રદ કરવામાં આવી હોવાની જાહેરાત ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન દ્વારા કરવામાં આવી હતી જેને અનુલક્ષીને આજે ગાંધીનગરમાં ગૌણ સેવા પસંદગી મંડળની કચેરીએ પાસ ઉમેદવારોએ એકઠા થઈને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. આ સાથે ઉમેદવારોએ જો તેમની માંગ નહીં સંતોષાય તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન દ્વારા ગઈકાલે ટ્વિટ કરીને માહિતી આપવામાં આવી હતી જેમાં તેમણે જણાવ્યું હતું કે, કોમ્પ્યુટર પ્રોફિસીયન્સીની પરીક્ષા ટેક્નિકલ કારણોસર પરીક્ષા રદ્દ કરવાની માંગ કરવામાં આવી હતી અને ટૂંક સમયમાં આ પરીક્ષા માટેની નવી તારીખ જાહેર કરવામાં આવશે. આ જાહેરાતને પગલે આ પરીક્ષામાં પાસ થયેલા ઉમેદવારોએ પોતાનો વિરોધ વ્યક્ત કરી રહ્યાં છે. ઉમેદવારોના મતે પરિણામ જાહેર થઈ ગયા બાદ લાંબા સમય પછી આ જાહેરાત થવાથી તેમણે વચ્ચે અન્ય પરીક્ષાઓ આપી નહોતી અને હવે આ જાહેરાત થતાં તેઓ કફોડી સ્થિતિમાં મુકાઈ જવા પામ્યા છે.

